Ph. : 0281-2587144 ccdcsauuni@yahoo.co.in

**Career Counselling & Development Centre**
**Saurashtra University, Rajkot.**

CCDC

Ground Floor, CCDC Building, Academic Centre, B/h, Central Bank of India
Saurashtra University Campus, Rajkot-360 005

Re-Accredited
Grade **A** by NAAC

Dr. N.A. SHAH
Co-Ordinator

Ref.: ----
Date: 1-04-2019

# પ્રેસનોટ

**કેરીયર કાઉન્સેલીંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર (CCDC) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા 'રેલવે ભર્તી બોર્ડ' દ્વારા નોન ટેકનીકલ પોસ્ટ માટેની (ગ્રેજ્યુએટ તથા અંડર ગ્રેજ્યુએટ)ની ૩૫,૨૭૭ જગ્યા માટેની પરીક્ષાના તાલીમ વર્ગો ૧૫ એપ્રિલ, ૨૦૧૯ થી શરૂ થશે... વેકેશનનો સદઉપયોગ કરવા છાત્રોને અનુરોધ...**

---

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સીસીડીસીના માધ્યમથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓની સફળ તાલીમ આપી રહ્યું છે. પરિણામ સ્વરૂપ વિદ્યાર્થીઓએ અનેક વખત રેકોર્ડબ્રેક સફળતા મારફત સરકારી નોકરીઓ મેળવી છે. સીસીડીસી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી મારફત નિયમિત તાલીમવર્ગો મારફત જીપીએસસી, ગુજરાત ગૌણ સેવા, તલાટી, શિક્ષણક અભિયોગ્યતા કસોટી, આઈ.બી.પી.એસ., સ્ટાફ સિલેકશન વગેરે રાજ્ય તેમજ કેન્દ્ર કક્ષાની મહતમ પરીક્ષાની તાલીમ નિષ્ણાંત તજજ્ઞો, રાઉન્ડ ધી કલોક આયોજન, સમૃદ્ધ લાયબ્રેરી અને સમયાંતરે સચોટ કાર્યશાળાઓના આયોજનથી ચલાવવામાં આવે છે અને ઉતરોતર તાલીમાર્થીઓ મારફત સીમાચીહન સફળતાઓ પ્રાપ્ત થયેલ છે. સીસીડીસી ટીમ ઉત્સાહપૂર્વક વિવિધ આયોજન મારફત યુવાવર્ગને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા માટે તૈયાર કરી રહી છે. કેન્દ્ર સરકાર દ્વારા રેલવે ની વિવિધ જગ્યાઓ માટે ભરતીઓમાં કરવામાં આવે છે હાલ રેલ્વે દ્વારા જુદી-જુદી જગ્યાઓ જેવી ગ્રેજ્યુએટ માટે ટ્રાફિક આસીસ્ટન્ટ-૮૮, ગુડઝ ગાર્ડ-૫૭૪૮, સીનીયર કોમર્શીયલ કમ ટિકીટ કલાર્ક-૫૬૩૮, સીનીયર કલાર્ક કમ ટાઈપીસ્ટ-૨૮૭૩, જુનીયર એકાઉન્ટ આસીસ્ટન્ટ કમ ટાઈપીસ્ટ-૩૧૬૪, સીનીયર ટાઈમ કીપર-૧૪, કોમર્શીયલ એપ્રેન્ટીસ-૨૫૯, સ્ટેશન માસ્તર-૬૮૬૫ તથા અંડર ગ્રેજ્યુએટ માટે જુનિયર કલાર્ક કમ ટાઈપીસ્ટ-૪૩૧૯, એકાઉન્ટસ કલાર્ક કમ ટાઈપીસ્ટ-૭૬૦, જુનીયર ટાઈમ કીપર-૧૭, ટ્રેઈન્સ કલાર્ક-૫૯૨ અને કોમર્શીયલ કમ ટીકીટ કલાર્ક-૪૯૪૦ માટે કુલ ૩૫૨૭૭ ની ભરતી કરવામાં આવનાર છે. ભરતીની જાહેરાતનાં અનુસંધાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સી.સી.ડી.સી.નાં દ્વારા તા. ૧૫-૪-૨૦૧૯ થી તાલીમવર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

"ટીમ સીસીડીસી" એ વિદ્યાર્થીઓને વેકેશનનો સદઉપયોગ કરી ઉપરોકત તાલીમવર્ગોનો લાભ લેવા અનુરોધ કરેલ છે.

આ તાલીમ વર્ગમાં વિવિધ જગ્યાઓ માટેનાં અભ્યાસક્રમ જનરલ ઈન્ટેલીજન્સ એન્ડ રીઝનીંગ, જનરલ અવેરનેસ, મેથેમેટીક્સ વિષયોની સઘન તાલીમ આપવામાં આવનાર છે. ઉપરોક્ત તાલીમ વર્ગમાં જોડવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૧૨-૪-૨૦૧૯ સુધીમાં ગ્રાઉન્ડ ફલોર, સીસીડીસી બિલ્ડીંગ, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાછળ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ ખાતે તેમનું રજિસ્ટ્રેશન ફોર્મ ટોકન શુલ્ક સાથે ૨ પાસપોર્ટ સાઈઝના ફોટા, આર.આર.બી માં ઓનલાઈન ભરેલ ફોર્મ, ગ્રેજયુએશન/ગ્રેજ્યુએટની માર્કશીટ, આઈ.ડી. પ્રુફ સાથે લાવવાનું રહેશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ પરની બેંકના વર્કીંગ દિવસોમાં જ રજિસ્ટ્રેશન ફી ભરી શકાશે.

પ્રતિ, તંત્રીશ્રી ,

ઉપરોકત માહિતિ વિદ્યાર્થીઓના લાભાર્થે આપના પ્રસિધ્ધ દૈનિકમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.

આભાર સહ,

Co-ordinator
Career Counselling & Development Centre
Saurashtra University, Rajkot. (Gujarat)